Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૯ મું. આત્મ સં. ૫૫ સંવત ૨૦૦૮.
અંક ૪-૫ મો. તા. ૧૫-૧૨-૫૧ કારતક-માર્ગશીર્ષ.

વાર્ષિક લવાજમ રૂા ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


૧ નૂતન વર્ષે શુભાશિષ ... ... ... ... (મુનિ૦ ભાસ્કરવિજયજી) ૫૩
૨ ગૌતમ નિર્વેદ સ્તવન ... ... ... ... (સાધ્વીશ્રી આનંદશ્રીજી) ૫૪
૩ નયચક્રવૃત્તિ અને આર્યદેવ ... ... (મુનિશ્રી જમ્બૂવિજયજી મહારાજ) ૫૫
૪ પરમાત્માનો મહિમા અને સોનેરી સુવાકયો ... ... ... (અચ્છાબાબા) ૫૯-૮૨
૫ મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ તથા મુનિશ્રી જમ્બૂવિજયજી મહારાજનો સાહિત્ય
... ... ... ઉદ્ધાર માટેનો અસાધારણ પ્રયત્ન (પં. સુખલાલજી) ૬૦
૬ અજિત શાંતિ સ્તવઃ ... ... ... (લે. હીરાલાલ ર. કાપડિયા) ૬૨
૭ કલ્યાણ સૂત્રો ... ... ... (સં. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ) ૬૪
૮ વર્તમાન સમાચાર ... (આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મ જયંતિ) ૬૬-૬૮
૯ શ્રી પાર્શ્વજિનશ્વર સ્તવન ... ... (મુનિરાજશ્રી જમ્બૂવિજયજી મહારાજ) ૬૯
૧૦ શ્રી વિજયાનંદસૂરીશ્વરની સ્તુતિ ... ... (લે. શા. મોહનલાલ હ. શીહોરી) ૭૦
૧૧ દીલ્હી શહેરમાં જેસલમેર પ્રાચીન પ્રતોનું પ્રદર્શન ... ... ... ...
... ... ... ... (લે. U. S. Agravala સુ૦ પ્રદર્શન ઈંગ્રેજીમાં) ૭૧
૧૨ ઉપરોક્તનો અનુવાદ ગુજરાતી ... ... ... (લે. વી. એ. અગ્રવાળ) ૭૪
૧૩ ધર્મ ધંધો નથી... ... ... ... (લે. આ. વિજયકસ્તૂરસૂરિજી) ૭૭
૧૪ જૈન શાસનના જયોતિર્ધરને અન્યાય ... (લે. મુનિશ્રી ભાનુવિજયજી મુંબઇ) ૭૯
૧૫ ઊઠો જાગો ... ... ... ... (શ્રીમતી કમળાબ્હેન સુતરીયા) ૮૧
૧૬ સ્વીકાર સમાલોચના અને આભાર ... ... ... ... ... ... ૮૧-૮૨


---

### આ માસમાં થયેલ નવા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરો.

| | | |
|---|---|---|
| (૧) | શેઠ કેશવલાલભાઈ બુલાખીદાસ | પેટ્રન સાહેબ |
| (૨) | શેઠ મોહોલાલભાઇ મગનલાલ | ,, |
| (૩) | વારૈયા મફતલાલ મોહનલાલ | લાઇફ મેમ્બર |
| (૪) | આચાર્યશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી શાસ્ત્ર સંગ્રહ | ,, |
| (૫) | મઠીયા મહેન્દ્રકુમાર લક્ષ્મીચંદ | ,, |
| (૬) | ગં. સ્વ૦ બાઇ રૂખીબાઈ તે શેઠ નેમચંદ જેશીંગભાઇનાં માતુશ્રી | ,, |

### પૂજ્ય સાધુ સાધ્વી મહારાજાઓને નમ્ર વિનંતિ.

આ સભા તરફથી શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાના સૂત્રો જેના સંપાદક પંન્યાસજી શ્રી સમુદ્રવિજયજી ગણિ મહારાજશ્રી છે તે આ સભા તરફથી પ્રતાકારે શાસ્ત્રી ટાઇપથી પ્રગટ થયેલ છે, જેથી જે જે મુનિમહારાજા, સાધ્વી મહારાજને જરૂર હોય તેઓશ્રીએ કોઇ પણ જૈન બંધુદ્વારા એક પ્રતે ચાર આના પોસ્ટ ટીકીટનો પ્રબંધ કરી જેટલી કાપીઓ જોવે છે તે તેઓશ્રીએ સમુદાયના વડિલ ગુરુદેવ મારફત મગાવવા કૃપા કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના માનવંતા પેટ્રન—

477



શેઠશ્રી કેશવલાલભાઇ બુલાખીદાસ
ખંભાત ( હાલ મુંબઇ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રેષ્ઠીવર્ય શ્રી કેશવલાલભાઇ બુલાખીદાસ ખંભાત (હાલ મુંબઇ)ની જીવનરેખા.

ખંભાત શહેર પ્રાચીન જૈન તીર્થભૂમિ, વ્યાપાર, વાણિજ્યના ભૂતકાલના કેન્દ્રસમું, ગુજરાતના પાટનગર સાથે ગુજરાતના મુખ્ય બંદર તરીકેનો તેનો ઈતિહાસ દેશપરદેશમાં સુપ્રસિદ્ધ છે. પરદેશી મુસાફરોએ પોતાના પ્રવાસ વર્ણનમાં ઈ. સ. ૩૦૩ માં એટલે સોળશે વર્ષ પહેલાનું જણાવેલું છે. તેનું મૂળનામ સ્તંભતીર્થ તરીકે છે જે જૈન ઇતિહાસ અને સાહિત્યમાં તેના રચયિતા વિદ્વાન આચાર્યદેવોએ એ તીર્થનું પ્રભાવકપણું, અદ્‌ભુતતા અને ચમત્કારો દર્શાવેલા અનેક ગ્રંથોમાંથી મળી આવે છે. પુરાણો પણ ખંભાતને તેનું ભૂતકાળનું નામ ત્રંબાવટી નગરી તરીકે જણાવે છે. તેનો પ્રાચીન ઇતિહાસતો જૈનો માટે ગૌરવ લેવા જેવો છે. તેવા પ્રાચીન તીર્થભૂમિ અને ગુજરાતના પાટનગર અને બંદર તરીકે સુપ્રસિદ્ધિ પામેલા શહેરમાં કલિકાલ-સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી સિંહતિલકસૂરિ, શ્રી મહેન્દ્રસૂરિ વગેરે અનેક ગચ્છોના અનેક આચાર્યદેવોના આગમનથી તેમજ ઉદયન, સજ્જન, વસ્તુપાલ વગેરે ધર્મ-વીરો, સૂબાઓ, દંડનાયકો, વગેરેથી એક કાળે વિભૂષિત બનેલી, તાડપત્રીય વગેરે પ્રાચીન લિપિવડે સુશોભિત, જ્ઞાનભંડારોવડે હજી પણ તેની કીર્તિની પ્રાચીનતા ઉજ્જવળ છે; તેવી જૈનપુરી ખંભાતનગરીમાં શેઠ બુલાખીદાસ નાનચંદ અને માતુશ્રી ભટ્ટી બ્હેનની કુક્ષિએ સં. ૧૯૫૪ ના શ્રાવણ વદી ૧૨ ના રોજ શ્રીયુત્ કેશવલાલ-ભાઈનો જન્મ થયો હતો. યોગ્ય વયે મુંબઇ શહેરમાં તેમના વડીલબંધુઓ સાથે આવી વ્યાપારમાં જોડાયા, અને હાલ કાપડની દુકાન મૂલજી જેઠા મારકેટમાં, દેવકરણ મેન્શનમાં પેઢી, અને કોઠારી મીલ ફેકટરી એમ ત્રણ પેઢીનો વહીવટ, તેમજ પરં-પરાથી ધર્મશ્રદ્ધા અને સંસ્કારનો વારસો શેઠ કેશવલાલભાઇને મળેલો છે. તે સુપ્રસિદ્ધ વ્યાપારી તરીકે મુંબઈ શહેરમાં તેમની ગણના થાય છે.

આ પુણ્યશાળી કુટુંબની સુંદર ધર્મભાવના, દેવગુરુધર્મ પ્રત્યેની શ્રદ્ધા જગજાહેર છે.

શેઠ બુલાખીદાસભાઇને ચાર પુત્રો શ્રીયુત્ નેમચંદભાઈ, શ્રી મૂલચંદભાઈ, શ્રી હીરાલાલભાઈ અને શ્રીયુત્ કેશવલાલભાઈ સર્વ સાથે મળી ઘણી ગુપ્ત અને જાહેર સખાવતો કરી છે અને કરે છે. જે પ્રશંસનીય અને અનુકરણીય હોવાથી તેની નોંધ આપવી આવશ્યક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧) સંવત ૧૯૯૭ ની સાલમાં શ્રી સમ્મેતશિખરજીને સંઘ કાઢવામાં આવ્યો હતો.

(૨) શ્રી સીમંધર સ્વામીનું મંદિર તથા છેલ્લા નવા પગથીયાવાળો રસ્તો, શ્રી કદંબગિરિ ઉપર આગમ મંદિર, પાલીતાણામાં ચોમુખજીની દેરી, બંધાવી છે. મુંબઈમાં તેઓશ્રીના તરફથી ઘર દેરાસર છે જેમાં શ્રી અજિતનાથ પ્રભુ બિરાજમાન છે તે પોતાના ખર્ચે ચાલે છે અને નિરંતર એક હજારથી વધુ માણસો લાભ લે છે તેમજ જે પાઠશાળા સાથે તે દેવકરણ મેન્શનમાં છે. ખંભાતમાં માતુશ્રી ભટ્ટી બહેનના નામથી જૈનધર્મની પાઠશાળા, ખંભાત ઉપાશ્રયમાં સારી રકમ, અને દશ વર્ષ સુધી પોતાના તરફથી ભોજનશાળાનો ખર્ચ એ સર્વમાં ઘણી ઉદાર રકમોનો વ્યય કર્યો હતો.

સદ્‌ગત બંધુ મૂળચંદભાઈ સાત વર્ષ સુધી શ્રી ગોડીજી મહારાજ દેરાસરનાં ટ્રસ્ટી હતા અને હાલ તે સ્થાને શ્રીયુત્ કેશવલાલભાઇ ટ્રસ્ટી નિમાયા છે. શ્રીયુત બુલાખીદાસ નાનચંદના અવસાન પાછળ શાંતિસ્નાત્ર અને ગઢની રચના પણ કરવામાં આવી હતી.

ખંભાત ઉપાશ્રયમાં સારી રકમ આપી છે અને બુલાખીદાસ વ્યાખ્યાન હોલ બંધાવી આપ્યો છે. સં. ૧૯૯૧ માં શ્રીયુત્ કેશવલાલભાઇએ ઉપધાન વહન કર્યા હતા.

ખંભાતના પ્રસૂતિગૃહમાં પૂજ્ય પિતાશ્રીના નામથી એક સારી રકમ આપવામાં આવી હતી. સં. ૧૯૯૩ માં ભાઇ રતિલાલના લગ્ન પ્રસંગે ઉજમણું અને શાંતિસ્નાત્ર મહોત્સવ કર્યો હતો. એ રીતે દેવ, ગુરુ, ધર્મની ભક્તિ સાથે અનેક ધાર્મિક કાર્યો કરી આત્મકલ્યાણ સાધ્યું હતું.

શેઠ સાહેબના ધર્મપત્ની લલિતા બ્હેન, પુત્રો અને પુત્રીઓ વગેરે સર્વ કુટુંબ ધર્મશ્રદ્ધાળુ અને આજ્ઞાધીન છે. શેઠ સાહેબ કેશવલાલભાઈ ધર્મપરાયણ, દાનવીર, મિલનસાર અને પુણ્યપ્રભાવક શ્રાવકરત્ન છે.

આવા એક દાનવીર, ધર્મવીર અને સખાવતી પુરુષ આ સભાની કાર્યવાહીથી આનંદ પામી, સભાની વિનંતિથી પેટ્રન થતાં સભા ગૌરવ લે છે અને પરમાત્માની પ્રાર્થના કરે છે કે-શેઠ કેશવલાલભાઈ દીર્ઘાયુ થઇ આધ્યાત્મિક, આર્થિક, શારીરિક લક્ષ્મી પ્રાપ્ત કરી અનેક સખાવતોવડે આત્મકલ્યાણ સાધે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૮. કાર્તિક પુસ્તક ૪૯ મું.

વિક્રમ સં. ૨૦૦૮. :: તા. ૧૫ મી નવેમ્બર ૧૯૫૧ :: અંક ૪.


## નૂતન વર્ષે શુભાશીષ.


( લેખક:—કવિ ભવાનભાઇ જેચંદભાઇ–વરલ. )

[ હાલ મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી. ]


આજે આનંદ અપાર ( ૨ ) વર્ષારંભ નૂતન વર્ષનો રે,
તસ થાય સુખકાર ( ૨ ) સમય વીતે સહુ હર્ષનો રે.
માત ત્રિશલાતણા, સુત ત્રિભોવનપતિ,
નંદ રાય સિદ્ધાર્થના પામ્યા શિવગતિ;
દર્શ કરો ધરી પ્યાર ( ૨ ) વર્ષારંભ૦
સકળ કર્મ ક્ષય કરી મોક્ષ સીધાવીયા,
ભાવ ધરી ગૌતમ કેવળ પામીયા;
અપાપાનયર મોઝાર ( ૨ ) વર્ષારંભ૦
વીરપુત્ર વીર જેવા કહાવજો,
ચતુર્વિધ સંઘની સેવા બજાવજો;
લક્ષણ શ્રાવકનું સાર ( ૨ ) વર્ષારંભ૦
રક્ષણ કરે સંઘનું શાસનદેવતા,
હેત ધરી નિત પ્રત્યે પ્રભુપદ સેવતા;
જોવા શિવવધૂનાર ( ૨ ) વર્ષારંભ૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગૌતમ નિર્વેદ સ્તવન.

( અહો કેવું ભાગ્ય જાગ્યું–એ રાગ )

હે વીર પ્રભુ ! મુજને છોડીને કયાં તમે ચાલ્યા ગયા ?
નિજ બાળ ટળવળતો મૂકીને કયાં તમે ચાલ્યા ગયા ? હે વીર ૧

અનાદિ કાળનાં ભવચક્રમાં હું ભટકતો બહુ કાળથી,
મહદ્ પુણ્યે તુજ દર્શ પામ્યો તે દર્શન વિરહ કેમ કરી ગયા ? હે વીર ૨

જે દિને ને જે ક્ષણે તુજ વંદના હું પામતો,
તેજ દિન પળ પ્રહર ને ક્ષણુ ધન્ય હું જગ માનતો. હે વીર ૩

આપનો જે ઇષ્ટ બાળક પ્રભુ ભોળવી તેને ગયા,
કરુણાસિન્ધો ! ગોયમાને કેમ રખડાવી ગયા ? હે વીર ૪

ગોયમ ! કહી કોણુ બોલાવશે શાસ્ત્રોનાં સાર કોણુ આપશે ?
સંશયો મારા પ્રભુજી આપ વિણુ કોણુ ટાળશે ? હે વીર ૫

આપો આપો પ્યારું દર્શન તારક બિરુદધારી પ્રભુ,
મેં તો સ્થાપ્યું જીવન વ્હાલા તુજ ચરણે શું કહું પ્રભુ ? હે વીર ૬

છોડી દ્યો પ્રભુ આપનો એ આગ્રહ કરુણા કરી,
રાખો ચરણે ગોયમાને વિનતિ એ માહરી. હે વીર ૭

'વીર વીર' એમ બોલતા વીતરાગતાને ભાવતા.
ગૌતમ કેવલ પામીયા આનંદપદને ધ્યાવતા. હે વીર ૮

પાર્શ્વચંદ્રગચ્છીયા સાધ્વી શ્રી **આનંદશ્રીજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ नमः श्रीअन्तरिक्षपार्श्वनाथाय ॥

# નયચક્રવૃત્તિ અને આર્યદેવ.

જિનશાસનપ્રભાવક તાર્કિકશિરોમણિ વાદીશ્વર આચાર્યભગવાન શ્રી **મલ્લવાદી** ક્ષમાશ્રમણવિરચિત નયચક્ર ગ્રંથના સંશોધન-સંપાદનનું કાર્ય પૂજ્ય મુનિરાજ પુણ્યાત્મા શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સં. ૨૦૦૧ ના પ્રારંભમાં મને સોંપ્યું તે પછી તરત જ મારે **પુના** આવવાનું થયું હતું. પુના આવવામાં ક્ષેત્રસ્પર્શના અને તીર્થયાત્રાનો ઉદ્દેશ હતો જ પણ સાથે સાથે **નયચક્રના** સંશોધનમાં ઉપયોગી ગ્રંથાદિ સામગ્રીની તપાસ કરવાનો અને તે મેળવવાનો પણ ઉદ્દેશ હતો. એટલે **પુનામાં** આવ્યા પછી તરત જ મેં જુદી જુદી લાયબ્રેરીઓની મુલાકાત લેવાની તેમજ જુદા જુદા વિષયોના પંડિતોને મળવાની શરૂઆત કરી દીધી હતી. તેમાં જૈન સાહિત્યના ઊંડા અભ્યાસી ડૉ૦ **પી. એલ. વૈદ્યનો** જ્યારે મેળાપ થયો ત્યારે દાર્શનિક સાહિત્ય વિષે અમારે ઘણી ચર્ચા થઇ હતી. વાત-વાતમાં તેમણે મને જણાવ્યું કે—" હું **પેરીસ**( ફ્રાંસ )માં હતો ત્યારે **ટિબેટન** ભાષાનો અભ્યાસ કરીને મેં બૌદ્ધાચાર્ય **આર્યદેવ**વિરચિત **ચતુઃશતક** નામના મૂળ સંસ્કૃત ગ્રંથના ટિબેટન ભાષાંતરનું સંસ્કૃતમાં ભાષાંતર કર્યું હતું અને તે રોમનલિપિમાં **ફ્રાંસની** પૌર્વાત્યસાહિત્યનો અભ્યાસ કરતી સંસ્થા તરફથી ઘણા વખત પૂર્વે પ્રસિદ્ધ થયું છે " આ વાત સાંભળીને મેં તો તરત જ તેમની પાસેથી એ ગ્રંથ મેળવી લીધો. જો કે તે વખતે એના ઉપયોગિતાની મને લેશમાત્ર પણ કલ્પના ન હતી, છતાં ભવિષ્યમાં કોઇક વખતે કામમાં આવશે એમ સમજીને એનું રોમનલિપિનું લખાણ વાંચવું ઘણું કંટાળાવાળું હતું છતાં તેના ઉપરથી દેવનાગરીમાં લિપ્યંતર કરીને મેં કોપી કરી લીધી; કારણ કે **ફ્રાંસથી** પ્રસિદ્ધ થયેલું એ પુસ્તક અત્યારે મળી શકતું નથી.

હવે આપણે **ચતુઃશતકનો** કર્તા **આર્યદેવ** કોણ છે તે ટૂંકમાં જોઇએ. **આર્યદેવનું** બૌદ્ધધર્મમાં અત્યંત માનવંતું સ્થાન છે. **ટિબેટના** પંડિત **बु-स्तोन्** કે જેનું સાધુ અવસ્થામાં **रिन्-छेन्-ग्रुब्** ( **रत्नसिद्ध** ) નામ હતું તેણે ઇસ્વીસન ૧૩૨૨ માં લખેલા બૌદ્ધધર્મના ઇતિહાસમાં ( **छोस्-ऽब्युङ्** ), તેમજ **લામા તારાનાથે** ઇસ્વીસન ૧૬૦૮ માં લખેલા ભારતીય બૌદ્ધધર્મના ઇતિહાસમાં **આર્યદેવનું** ઘણું જ વિસ્તૃત વર્ણન કર્યું છે. તેમાં જણાવ્યું છે કે-**આર્યદેવ** પ્રસિદ્ધ માધ્યમિકાચાર્ય **નાગાર્જુન** કે જે સંભવતઃ વિક્રમની ૨, જી શતાબ્દીમાં થઇ ગયેલ છે તેનો શિષ્ય હતો અને મહાકવિ [1]**માતૃચેટનો** ગુરુ થતો

---

૧ **માતૃચેટનાં मातृचीन, मतचित्र** વિગેરે ઘણાં નામો મળે છે. પણ ટિબેટન ભાષાંતરમાં **म-खोल्** શબ્દ વાપર્યો હોવાથી અને તેનો અર્થ ' **म**=માતાનો **खोल्**-દાસ ' એવો થતો હોવાથી વિદ્વાનો **માતૃચેટ** શબ્દનો ઉપયોગ વધારે પસંદ કરે છે. આ **માતૃચેટને** **કનિષ્કના** સમ્રાટે પોતાની રાજસભામાં આવવા માટે આમંત્રણ આપ્યું હતું, પરંતુ ઘણી વૃદ્ધાવસ્થાને લીધે જવાની તદ્દન અશક્તિ હોવાથી તેણે **કનિષ્કના** રાજા ઉપર એક પત્ર લખ્યો હતો કે જે **महाराज कनिष्कलेख**ના નામથી પ્રસિદ્ધ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતો. ફ્રેંચ વિદ્વાન ડૉ૦ **પામીર કોર્ડીઅર** ( Dr. Palmyr Cordier ) **લા બિબ્લિઓથેક નેશનલ** ( La Bibliotheque Nationale ) નામની **પેરીસ**ની લાયબ્રેરીમાં રહેલાં **પેકીંગ** એડીશનના ટિબેટન પુસ્તકોના [1]સૂચિપત્રના ત્રીજા ભાગમાં ( પૃ૦ ૨૯૭ ) ટિબેટન ગ્રંથોને આધારે જણાવે છે કે—" [2]**આર્યદેવ સિંહલદ્વીપ**નો ( લંકાનો ) મૂળ વતની હતો અને પછી **નાગાર્જુન**નો ધર્મપુત્ર ( =શિષ્ય ) થયો હતો." **આર્યદેવે** ઘણા ગ્રંથોની રચના કરી હતી. તેમાં દાર્શનિક ગ્રંથો તરીકે ગણાય તેવા [3]**चतुःशतक, स्खलितप्रमथनयुक्तिहेतुसिद्धि; हस्तवालप्रकरण, हस्तवालप्रकरणस्ववृत्ति, मध्यमकभ्रमघात** તથા **ज्ञानसारसमुच्चय** એટલા છે. આ બધા જ ગ્રંથો અત્યારે તેના મૂલ સંસ્કૃત સ્વરૂપમાં નાશ પામી ગયા છે, પરંતુ

આ પત્રમાં તેણે વનના પશુઓને અભયદાન આપવા માટે રાજાને ખૂબ જોરદાર વિજ્ઞપ્તિ કરી હતી. અને તેનો ઘણો પ્રભાવ રાજા ઉપર પડ્યો હતો. તેનો આ પત્ર સંસ્કૃતમાં નથી મળતો, પણ તેનું ટિબેટન ભાષાંતર ( તાંજૂર MDO નં. ૩૩ ) મળે છે. તેના ઉપરથી **એફ. ડબલ્યુ થોમસે** ( F. W. Thomas ) ઇંગ્લીશ ભાષાંતર કર્યું છે કે જે "**ઇન્ડીઅન એન્ટીકવેરી**" નામના સામયિક પત્રમાં ( **સને ૧૯૦૩** ના અંકમાં પૃ. ૩૪૫ માં ) પ્રસિદ્ધ થયું છે. **માતૃચેટનો કનિષ્ક સમ્રાટ્** સાથેનો સંબંધ ખ્યાલમાં રાખીને વિદ્વાનો તેને ઇસ્વીસન બીજી શતાબ્દીમાં માને છે અને તેથી તેનો ગુરુ **આર્યદેવ** પણ ઇસ્વીસન બીજી શતાબ્દીના પ્રારંભમાં થયો હોવાનું માનવામાં આવે છે. આ વિષે બીજાં પ્રમાણોને પણ વિદ્વાનો રજૂ કરે છે. લામા **તારાનાથ માતૃચેટને** સમ્રાટ્ **અશોકના** પિતા **બિન્દુસારના સમયમાં** પણ જણાવે છે. ગમે તે હો તે ઘણો પ્રાચીન છે એમાં શંકા નથી.

**માતૃચેટ** કેવો મહાકવિ હતો અને તેની પ્રસિદ્ધિ કેવી ફેલાયેલી હતી તે વિષે પં. શ્રી **સુખલાલજીએ આચાર્યધ્રુવસ્મારક** ગ્રંથમાં '' **સ્તુતિકાર માતૃચેટ અને તેમનું અધ્યર્ધશતક** ' એ નામનો એક વિસ્તૃત નિબંધ ( પૃ. ૩૫૫ થી ૩૭૧ ) લખ્યો છે તે વાંચવા લાયક છે.

**માતૃચેટનું અધ્યર્ધશતક પટણાની બિહાર એણ્ડ ઓરિસા રિસર્ચ સોસાયટી** તરફથી પ્રગટ થયું છે. ઇંગ્લેંડની **કેમ્બ્રીજયુનિવર્સીટિ** તરફથી પણ હમણાં બીજી આવૃત્તિ પ્રગટ થઇ છે, તેમાં તેનું નામ शतपञ्चाशत्क એવું રાખેલું છે.

૧ આ સૂચીપત્ર **ફ્રેંચ** ભાષામાં પ્રગટ થયું છે. તેનું નામ Catalogue du Fond Tibetain છે. તેનો બીજો અને ત્રીજો એમ બે ભાગો જ પ્રગટ થયા છે. તેમાં નાના-મોટા લગભગ ૪૦૦૦ બૌદ્ધ ગ્રંથોની સૂચી આપેલી છે. જો કે આમાં કેટલાક ગ્રંથો તો એક એક-બે બે પાનાંના જ છે. આમાં વ્યાકરણ, કાવ્ય, કોશ, નાટક, ન્યાય, છંદ, જ્યોતિષ, મંત્ર, તંત્ર, સામુદ્રિક, તત્ત્વજ્ઞાન એમ અનેક વિષયના ગ્રંથો છે. **નવ ગ્રહપૂજન વિધિ, પ્રતિષ્ઠાવિધિ, કુંભસ્થાપન વિધિ, પોષધ વિધિ**ના પણ એમાં ગ્રંથો છે.

૨ Native of सिंहलडि-ग्लिङ् ( सिंहलद्वीप ) and spiritual son of क्लुडि-शबस् ( नागपाद=नागार्जुन ).

૩ આ બધા ગ્રંથો ટિબેટન ગ્રંથોના बस्तन्-ग्युर् વિભાગના मदो નામના પેટા વિભાગની ૭ ( =૧૮ ) નંબરની પોથીમાં છે. તેમાં **ચતુઃશતક** શરૂઆતનાં ૨૦ પાનામાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના **ટિબેટન** તથા **ચીની** અનુવાદો મળી શકે છે. **હસ્તવાલ પ્રકરણ** કે જે માત્ર ૬ કારિકાનો ગ્રંથ છે તેનું અને તેના ઉપરની સ્વોપજ્ઞ ટીકાનું **લંડનની ઇન્ડીઆ ઓફિસ**ના લાયબ્રેરીઅન **એફ. ડબલ્યુ. થોમસે** ( F. W. Thomas ) કરેલું સંસ્કૃત ભાષાંતર **લંડન રોયલ એશિઆટિક સોસાયટી**ના જર્નલના સન ૧૯૧૮ ના અંકમાં ( પૃ. ૨૬૭ થી ૩૧૦ ) છપાઇ ગયું છે.

**ચતુઃશતક** નામ પ્રમાણે ૪૦૦ શ્લોકો છે. તેનાં ૧૬ પ્રકરણો છે. પ્રત્યેક પ્રકરણમાં પચીશ–પચીશ કારિકાઓ છે. **પુના**ના ડૉ૦ **પી. એલ. વૈદ્યે પેરીસ**માં રહીને તેનાં છેલ્લાં માત્ર નવ પ્રકરણોનું જ સંસ્કૃત ભાષાંતર કરીને **પેરીસ**ની એક સંસ્થા તરફથી પ્રગટ કર્યું હતું. એનું નામ [1]Etudes sur Aryadeva et son Catuḥśataka, chap, VIII–XVI. ( Paris 1923 ) એ પ્રમાણે છે.

**ઇટાલીઅન** પ્રોફેસર **ગિઉસેપ્પે ટુચ્ચી**( Giuseppe Tucci ) એ ઉપર જણાવેલ **પી. એલ. વૈદ્ય**ના ગ્રંથનું પરીક્ષણ અને **ચતુઃશતક**ના છેલ્લાં નવ પ્રકરણોનું **ટિબેટન** અને **ચીની** ભાષાંતર ઉપરથી **ઇટાલીઅન** ભાષામાં ભાષાંતર કર્યું છે. અને તે **રોમ**થી સન ૧૯૨૫ માં પ્રગટ થયું છે.[2]

ત્યાર પછી **વિશ્વભારતી શાંતિનિકેતન**ના ભૂતપૂર્વ પ્રિન્સીપાલ શ્રી **વિધુશેખર ભટ્ટાચાર્યે** ટિબેટન ઉપરથી આખા **ચતુઃશતક**નું સંસ્કૃતીકરણ કરીને ટીકા સાથે **કલકત્તા**થી સને **૧૯૩૧** માં ટિબેટન ભાષાંતર સાથે તે પ્રગટ કર્યું છે. **અસ્તુ.**

મેં **પી. એલ. વૈદ્યે** કલ્પેલા જે સંસ્કૃત ચતુઃશતકની કોપી કરી હતી તેમાં **૨૬૮**મી કારિકા નીચે પ્રમાણે **વૈદ્યે** કલ્પી હતીઃ—

**यथा नैकं विजानाति विज्ञानं वस्तुयुग्मलम् ।**
**तथा नैकं विजानाति वस्तु विज्ञानयुग्मलम् ॥ ११ । १८ ॥**

ડૉ૦ **પી. એલ. વૈદ્ય**ના ચતુઃશતકની કોપી કર્યા પછી તરત જ **નયચક્રવૃત્તિમાં** ૧ લા અરમાં નીચે મુજબ લખાણ મારા વાંચવામાં આવ્યું:—

**यथोक्तम्—" विजानाति न विज्ञानमेकमर्थद्वयं यथा ।**
**एकमर्थं विजानाति न विज्ञानद्वयं तथा ॥ "** નયચક્રવૃત્તિ પૃ૦ ૫૧/૧ B

**तथा चाह—" विजानाति न विज्ञानमेकमर्थद्वयं यथा ।**
**एकमर्थं विजानाति न विज्ञानद्वयं तथा ॥ "** નયચક્રવૃત્તિ પૃ૦ ૫૯/૧ B

૧ આ ફ્રેંચ નામનો ઇંગ્લીશમાં અર્થ Studies on आर्यदेव and his चतुःशतक એ પ્રમાણે થાય છે.

૨ આ ગ્રંથનું **ઇટાલીઅન** નામ La versione del cinese del Catūḥsātata di Āryadeva confrontato col testo Sanskrite la traduzion tibetana. ( studi Mahayanici, Rivista degli studi Orienteli; Vol X. pages 521–567, Rome 1925) એ પ્રમાણે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રકારે **નયચક્રવૃત્તિ**માં બે વાર ઉદ્ધૃત કરેલ ઉપરની કારિકા વાંચતાંની સાથે જ **પી. એલ. વૈદ્યે** કલ્પેલી કારિકા મને યાદ આવી. અને મને લાગ્યું કે **પી. એલ. વૈદ્યે** ટિબેટન ઉપરથી જે સંસ્કૃતની કલ્પના કરી છે તે બરાબર નથી પરંતુ તેની સાથે **નયચક્ર-વૃત્તિ**માં ઉદ્ધરેલી કારિકા બરાબર અક્ષરશઃ મળતી હોવાથી **નયચક્રવૃત્તિ**માંની કારિકા જ વાસ્તવિક હોવી જોઈએ અને તેમણે કલ્પિત કારિકાને સ્થાને એ વાસ્તવિક કારિકા ગોઠવવી જોઇએ. એટલે મેં શ્રી **પી. એલ. વૈદ્ય**ને બધી વાત જણાવી ત્યારે તેઓ ઘણા ખુશી થયા અને **નયચક્રવૃત્તિ**ની કારિકા જ વાસ્તવિક છે એમ તેમણે પણ સ્વીકાર્યું.

ત્યાર બાદ **વિધુશેખર ભટ્ટાચાર્ય**વાળું ચતુઃશતક મેં તપાસ્યું. તેમાં તેમણે ટિબેટન ભાષાંતર ઉપરથી એ જ કારિકાની સંસ્કૃતમાં નીચે પ્રમાણે કલ્પના કરી હતી:—

**विजानाति यथा नार्थद्वयं विज्ञानमेककम् ।**
**विज्ञानद्वयमेवं न विजानात्यर्थमेककम् ॥** [ **चतुःशतक ११ । १८** ]

આ કલ્પના પણ બરાબર ન હતી. **નયચક્રવૃત્તિ**માં જે કારિકા છે તે જ બરાબર મૂળ પ્રમાણે હતી. એટલે મેં **વિધુશેખર ભટ્ટાચાર્ય**ને **કલકત્તા** લખ્યું. તેઓ ઘણા ખુશી થયા અને **નયચક્ર**માં તેમને અત્યંત રસ ઉત્પન્ન થયો. ત્યાર પછી તો નયચક્રના સંપાદન માટે ટિબેટના ગ્રંથો ક્યાંથી અને કેવી રીતે મેળવવા એ માટે પણ તેમણે મને સૂચના કરી કે જે મને ઘણી ઉપયોગી નીવડી છે.

આ બધા પછી છેવટે ઉપરની કારિકાનું ટિબેટન ભાષાંતર કેવું છે, તે જાતે જોવાની મારી ઇચ્છા થઇ. **વિધુશેખર ભટ્ટાચાર્યે** સંપાદિત કરેલા **ચતુઃશતકમાં** તેનું ટિબેટન ભાષાંતર નીચે પ્રમાણે આપેલું છે.

**जि-म्तर् नंम्शेस् ग्चिग्-गिस् नि । दोन् ग्ञिस् नंम्-पर् मि शेस् प ।**
**दे-बशिन् नंम्-पर् शेस् ग्ञिस् क्यिस् । दोन् ग्चिग् नंम्-पर् मि शेस् सो ॥**

આનુ સંસ્કૃત રૂપાંતર **નયચક્રવૃત્તિ**માં જે [1]**विजानाति न विज्ञानमेकमर्थद्वयं यथा । एकमर्थं विजानाति न विज्ञानद्वयं तथा ॥**[2] પ્રમાણે છે તે જ પ્રમાણે બરાબર થાય છે.'

---

૧ ટિબેટન ભાષાંતરના પદોનું પૃથક્કરણ કરવાથી તે **નયચક્રવૃત્તિમાં** ઉદ્ધરેલી કારિકા સાથે કેવી રીતે બરાબર મળે છે, એ નીચે જોતાં જણાઇ આવશે

| ટિબેટન. | સંસ્કૃત. | ટિબેટન. | સંસ્કૃત. |
|---|---|---|---|
| जिम्तर्= | यथा | दे-बृशिन्= | तथा |
| नंम्शेस्= | विज्ञानम् | नंम्-पर-शेस्-गञिस्-क्यिस्= | विज्ञानद्वयम् |
| ग्चिग्-गिस् नि= | एकम् | दोन्= | अर्थम् |
| दोन् गञिस्= | अर्थद्वयं | ग्चिग्= | एकम् |
| नंम्-पर-मि-शेस्-प= | न विजानाति | नंम्-पर मि-शेस्-सो= | न विजानाति |

૨ આ કારિકા **તત્ત્વાર્થસૂત્ર**ની **સર્વાર્થસિદ્ધ** ટીકામાં ( ૧, ૧૨ ) દિગંબરાચાર્ય **પૂજ્યપાદે** તેમજ **અનેકાંતજયપતાકા** ટીકામાં શ્રી **હરિભદ્રસૂરિ** મહારાજે પણ ઉદ્ધૃત કરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ રીતે આપણી **નયચક્રવૃત્તિ**માં પૂજ્યશ્રી **સિંહસૂરિવાદિગણિક્ષમાશ્રમણે** ઉદ્ધૃત કરેલી કારિકાનું મૂળ સ્થળ પણ જડી ગયું અને સાથે સાથે બીજા વિદ્વાનો અનેક વર્ષો સુધી પરિશ્રમ કરવા છતાં પણ ટિબેટન ઉપરથી જે સાચું સંસ્કૃત મૂલ સ્વરૂપ તૈયાર કરી શકયા ન હતા તે પણ **નયચક્રવૃત્તિ**માંથી અનાયાસે મળી ગયું. એટલે પ્રાચીન ગ્રંથ-વાકયોનું સંશોધન કરતા જૈનેતર વિદ્વાનોને લાભદાયક સામગ્રી **નયચક્ર**માં એટલી બધી વિપુલ છે કે તેમનો અનેક વર્ષોનો પરિશ્રમ બચી જાય તેમ છે. એટલે આના મહત્ત્વને જાણતા પંડિતો ઉત્સુકતાથી આ ગ્રંથના પ્રકાશનની રાહ જોઇ રહ્યા છે. અને અમે પણ આશા રાખીએ છીએ કે દેવ-ગુરુકૃપાથી તેમજ સત્પુરુષોના આશીર્વાદ અને શુભેચ્છાથી આ નયચક્ર ગ્રંથને જેમ બને તેમ શીઘ્ર પ્રગટ કરશું. શાસનદેવ આ કાર્યમાં સહાય કરો એ જ પ્રાર્થના.

| | |
|---|---|
| सं० २००७, आश्विन कृष्णत्रयोदशी मु. मालेगांव ( जिल्ला-नाशिक ) | मुनिराजश्री भुवनविजयान्तेवासी मुनिजम्बूविजय. |

# પરમાત્માનો મહિમા.

શ્રી વીતરાગ પરમાત્માનું દર્શન એ મોક્ષનો ભવ્ય દરવાજો છે.

શ્રી જિનશાસનની સેવાથી મેં જે પુણ્ય ઉપાર્જિત કર્યું હોય તેના ફળ રૂપે શ્રી જિન શાસનની સેવાજ મને ભવો ભવ પ્રાપ્ત થાઓ.

શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુઓને નમસ્કાર હો.

શ્રી પંચ પરમેષ્ઠિને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે. તથા સર્વ મંગળોમાં પ્રથમ મંગળ છે.

ગારૂડિક મંત્ર જેમ સર્પ વિષનો તેમ શ્રી નવકાર મંત્ર સમસ્ત વિષનો નાશ કરે છે.

શ્રી નવકાર એ સારની પોટલી, રત્નની પેટી અને ઇષ્ટનો સમાગમ છે.

અંતકાળે જેણે શ્રી નવકારને યાદ કર્યો તેણે સકળ સુખને આમંત્રણ કર્યું છે અને સકળ દુ:ખને હમેશ માટે તિલાંજલિ આપી છે.

આ નવકારના પ્રભાવથી વ્યાધિ, જલ, અગ્નિ, તસ્કર, સિંહ, હાથી, સંગ્રામ અને સર્પ આદિના ભયો નાશ પામે છે.

ચિત્તથી ચિન્તવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી પ્રારંભેલું કાર્ય ત્યાં સુધીજ થતું નથી કે જ્યાંસુધી શ્રીનવકારને સ્મરવામાં આવ્યો નથી.

જે ભાવથી એક લાખ નવકાર ગણે છે. તથા વિધિપૂર્વક શ્રી જિનેશ્વર દેવને પૂજે છે તે આત્મા અવશ્ય તીર્થંકર નામ ગોત્ર બાંધે છે.

વૈદ્ય કવિ વેલજીભાઇ (અચ્છાબાબા)
જામનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી તથા જંબૂવિજયજીના કાર્યની પ્રશંસા.

હું મુનિ શ્રી પુણ્યવિજયજીના નિકટ પરિચયમાં છત્રીસ વર્ષથી સતત રહેતો આવ્યો છું. તેઓએ, લીંબડી, પાટણ, વડોદરા વગેરે અનેક સ્થાનોના અનેક ભંડારોને સુવ્યવસ્થિત કર્યાં છે અને સુવ્યવસ્થિત બનાવ્યા છે. અનેક વિદ્વાનોને માટે સંપાદન–સંશોધનમાં ઉપયોગી હસ્તલિખિત પ્રતોને સુલભ બનાવી છે. તેઓએ પોતે અનેક મહત્ત્વના સંસ્કૃત પ્રાકૃત ગ્રંથોનું સંપાદન પણ કર્યું છે. આટલા લાંબા અને પાકા અનુભવ બાદ ઇ. સ. ૧૯૪૫ માં "જૈન આગમસંસદ"ની સ્થાપના કરીને તેઓ હવે જૈન આગમોના સંશોધનમાં ઉપયોગી, દેશ–વિદેશમાં પ્રાપ્ત બધી સામગ્રીને ભેગી કરવામાં લાગી ગયા છે. અને મને આશા છે કે તેઓના આ કામથી જૈન આગમોની અન્તિમ રૂપમાં પ્રામાણિક આવૃત્તિ આપણને પ્રાપ્ત થશે. આગમોના સંશોધનની દૃષ્ટિએ જ તેઓ હવે પોતાનો વિહારક્રમ અને કાર્યક્રમ ગોઠવે છે. આ જ દૃષ્ટિએ તેઓ પાછલાં વર્ષો દરમ્યાન વડોદરા, ખંભાત, અમદાવાદ આદિ સ્થાનોમાં રહ્યા અને ત્યાંના ભંડારોને યથાસંભવ સુવ્યવસ્થિત કરવાની સાથે જ આગમોના સંશોધનમાં ઉપયોગી ઘણીખરી સામગ્રી ભેગી કરી છે. પાટણ, લીંબડી, ભાવનગર વગેરેના ભંડારોમાં જે કંઇ છે તે તો એમની પાસે સંગૃહીત હતું જ, એમાં વડોદરા આદિના ભંડારોમાંથી જે મળ્યું તેથી સારા પ્રમાણમાં ઉમેરો થયો છે. આટલાથી પણ તેઓને સંતોષ ન થયો અને જાતે જેસલમેરના ભંડારોનું નિરીક્ષણ કરવા સારુ પોતાના સાથ–સંઘાત સાથે ઇ. સ. ૧૯૫૦ ની શરૂઆતમાં જઇ પહોંચ્યા. જેસલમેરમાં જઇને શાસ્ત્રોદ્ધાર અને ભંડારોનો ઉદ્ધાર કરવા માટે તેઓએ જે કર્યું છે તેનું વર્ણન અહીં કરવું સંભવિત નથી. મેં મારા ભાષણના અંતમાં એને પરિશિષ્ટરૂપે જોડી દીધું છે.

એ સામગ્રીનું મહત્ત્વ અનેક દૃષ્ટિએ છે. "વિશેષાવશ્યકભાષ્ય," "કુવલયમાલા," "ઓઘનિર્યુક્તિવૃત્તિ" વગેરે અનેક તાડપત્રીય અને કાગળ ઉપર લખેલા ગ્રંથો નવસો વર્ષ જેટલા પ્રાચીન અને શુદ્ધપ્રાય છે. આમાં જૈન પરંપરા ઉપરાંત બૌદ્ધ અને બ્રાહ્મણ પરંપરાની પણ અનેક મહત્ત્વપૂર્ણ પોથીઓ છે. આનો વિષય કાવ્ય, નાટક, અલંકાર, દર્શન વગેરે છે; જેમકે–"ખંડનખંડખાદ્યશિષ્યહિતૈષિણીવૃત્તિ"–ટિપ્પણી વગેરેથી યુક્ત; "ન્યાયમંજરીગ્રન્થિભંગઃ" "ભાષ્યવાર્તિકવિવરણપંજિકા;" પંજિકાયુક્ત "તત્ત્વસંગ્રહ" વગેરે કેટલાક ગ્રંથો તો એવા છે જે અપૂર્વ છે; જેમકે "ન્યાયટિપ્પનક"–શ્રીકંઠીય; "કલ્પલતાવિવેક (કલ્પપલ્લવશેષ);" બૌદ્ધાચાર્યકૃત "ધર્મોત્તરીય ટિપ્પન" વગેરે.

સોળ મહિના જેટલા ટુંકા સમયમાં મુનિશ્રીએ રાત અને દિવસનો, ગરમી અને ઠંડીનો જરા પણ વિચાર કર્યા વગર જેસલમેર દુર્ગના દુર્ગમ સ્થાનના ભંડારોના અનેકાંગી જીર્ણોદ્ધારના વિશાલતમ કાર્યને માટે જે ઉગ્ર તપસ્યા કરી છે, એને દૂર રહ્યાં રહ્યાં કદાચ જ કોઇ પૂરી રીતે સમજી શકે. જેસલમેરના નિવાસ દરમ્યાન મુનિશ્રીના કામનું નિરીક્ષણ કરવા માટે તેમજ પોતપોતાને ગમતી સાહિત્યક કૃતિઓને મેળવવા માટે આ દેશના અનેક વિદ્વાનો તો ત્યાં ગયા જ, પણ વિદેશી વિદ્વાન પણ ત્યાં ગયા. હેમ્બુર્ગ (જર્મની) યુનિવર્સિટીના પ્રસિદ્ધ પ્રાચ્યવિદ્યાવિશારદ ડો. આલ્સડોર્ફ પણ તેમના કામથી આકર્ષાઇને ત્યાં ગયા અને ત્યાંની પ્રાચ્ય વસ્તુઓ અને પ્રાચ્ય સાહિત્યની સેંકડો છબીઓ લીધી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિશ્રીના આ કાર્યમાં એમના લાંબા સમયના અનેક સાથીઓ અને કાર્યકરોએ જે પ્રેમ અને નિરીહતાથી સતત કામ આપ્યું છે અને જૈન સંઘે જે ઉદારતાથી આ કાર્યમાં યથેષ્ટ મદદ આપી છે તે પ્રશંસનીય હોવાની સાથે સાથે મુનિશ્રીની સાધુતા, સહૃદયતા અને શક્તિનું દ્યોતક છે.

મુનિ શ્રી પુણ્યવિજયજીનું અત્યારસુધીનું કામ ન કેવળ જૈન પરંપરાની સાથે જ સંબંધ રાખે છે અને ન કેવળ ભારતીય સંસ્કૃતિની સાથે જ સંબંધ ધરાવે છે, બલ્કે માનવ સંસ્કૃતિની દૃષ્ટિએ પણ એ ઉપયોગી છે. જ્યારે હું એ વાતનો વિચાર કરું છું કે તેઓનું આ કાર્ય અનેક સંશોધક વિદ્વાનો માટે અનેકમુખી સામગ્રી રજૂ કરે છે અને અનેક વિદ્વાનોના પરિશ્રમને બચાવે છે ત્યારે એમના પ્રત્યેની કૃતજ્ઞતાથી હૈયું ભરાઈ જાય છે.

## પૂ. મુ. શ્રી જંબૂવિજયજીનું કાર્ય.

સંશોધનરસિક વિદ્વાનોને માટે સ્ફૂર્તિદાયક એક બીજી પ્રવૃત્તિનો ઉલ્લેખ કરવો પણ હું અહીં ઉચિત સમજું છું. આચાર્ય મલ્લવાદીએ વિક્રમની છઠ્ઠી સદીમાં "નયચક્ર" ગ્રંથ રચ્યો છે. એના મૂળની કોઈ પ્રત મળતી નથી. ફક્ત એની સિંહગણિ ક્ષમાશ્રમણકૃત ટીકાની પ્રત મળે છે. ટીકાની પણ જેટલી પ્રતો મળે છે તે મોટે ભાગે અશુદ્ધ જ મળી છે. આ રીતે મૂળ અને ટીકા બન્નેના ઉદ્ધારની જરૂર છે. આ ટીકામાં વૈદિક, બૌદ્ધ અને જૈન ગ્રન્થોનાં અવતરણો મોટા પ્રમાણમાં છે. પણ એમાંનાં ઘણા ગ્રન્થો અપ્રાપ્ય છે. સદ્‌ભાગ્યે બૌદ્ધ ગ્રન્થોનું ટિબેટન અને ચીની ભાષાન્તર મળે છે. જ્યાં લગી આ ભાષાન્તરોની મદદ ન લેવામાં આવે ત્યાં લગી શુદ્ધ થઈ જ ન શકે, એ વાત આ ગ્રન્થની વડોદરાની ગાયકવાડ સિરીઝમાં પ્રકાશિત થનારી અને શ્રી લબ્ધિસૂરિ ગ્રન્થમાલાથી પ્રકાશિત થયેલી આવૃત્તિઓ ઉપરથી સ્પષ્ટ થઈ ગઈ છે. આ વસ્તુસ્થિતિનો વિચાર કરીને મુનિ શ્રી જંબૂવિજયજીએ આ જ ગ્રંથના ઉદ્ધારને સારુ ટિબેટન ભાષા શીખી લીધી છે અને ઉક્ત ગ્રન્થમાં ઉપયોગી બૌદ્ધ ગ્રન્થોનાં મૂળ અવતરણોને શોધી કાઢવાનું કામ શરુ કરી દીધું છે. મારા અભિપ્રાય પ્રમાણે, પ્રામાણિક સંશોધનની દૃષ્ટિએ મુનિ શ્રી જમ્બૂવિજયજીના કાર્યનું મૂલ્ય વિશેષ છે. આશા છે, એ ગ્રન્થ ટૂંક સમયમાં જ, અનેક નવી જાણવા લાયક બાબતો સાથે, પ્રગટ થશે.

—પંડિત શ્રી સુખલાલજી.

[ તા. ૨૦-૧૦-૧૯૫૧ ના "જૈન" સાપ્તાહિક ઉપરથી સાભાર ઉદ્ધૃત. ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અજિયસંતિથય ( અજિતશાંતિ સ્તવ ) અને એનાં અનુકરણો.

( લે. પ્રો. **હીરાલાલ ર. કાપડિયા** એમ. એ. )

**વૃત્તિ**–મનુષ્યોમાં જે અનેક વૃત્તિઓ છે તેમાંની એક તે અનુકરણને લગતી છે. કોઇ પણ વસ્તુ પ્રસિદ્ધિમાં આવતાં અને એ લોકપ્રિય બનતાં એનું અનુકરણ કરવાની વૃત્તિ ઉદ્‌ભવે છે. **મેઘદૂતની** પાદપૂર્તિરૂપ અનેક કૃતિઓ આના સબળ ઉદાહરણરૂપ છે. **શિવમહિમ્નસ્તોત્ર** પણ ગણાવી શકાય. અર્વાચીન સમયનો જ વિચાર કરીશું તો સહેજે જણાશે કે બોલતા ચિત્રપટ–બોલપટ–સિનેમામાં અમુક અમુક અભિનેત્રી વેષભૂષા–અનુકરણની ભૂમિકા પૂરી પાડે છે. વળી એ સિનેમાનું અમુક અમુક ગાયન ચોરે અને ચૌટે ગવાતું સંભળાતાં એને અનુસરતું સ્તવન કોઇ ને કોઇ મુનિવર રચતા જોવાય છે.

**પદ્યની સંખ્યા**–આવી અનુકરણની વૃત્તિ એક પ્રાચીન જૈનસ્તવ અંગે પણ જોવાય છે. આ સ્તવનું કર્તાએ સૂચવેલું નામ **અજિયસંતિથય** છે. એની વિવિધ હાથપોથીઓ મળે છે. તેમાં ઓછામાં ઓછાં ૩૭ ને વધારેમાં વધારે ૪૨ પદ્યો નજરે પડે છે. જિનપ્રભસૂરિના મતે પદ્યોની સંખ્યા ૩૭ ની છે. સામાન્ય રીતે ૩૯ કે ૪૦ પદ્યો પ્રચલિત છે. "ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિર" તરફથી મેં જે **હસ્તલિખિત પ્રતિઓનું વર્ણનાત્મક સૂચિપત્ર** તૈયાર કર્યું છે તેના ચોથા ભાગમાં મેં ૪૨ પદ્યોવાળી એક હાથપોથીની નોંધ લીધી છે. અહીં મેં પહેલું તેમજ છેલ્લાં ત્રણ પદ્યો આપ્યાં છે.

આ જઇણમરહટ્ઠીમાં રચાયેલો સ્તવ જાત જાતના છંદોના નાદર નમૂના પૂરા પાડે છે. એ છંદોની સૂચી મેં અકારાદિક્રમે ઉપર્યુક્ત સૂચીપત્ર-( પૃ. ૨ )માં આપી છે.

આ છંદોના લક્ષણો આ સ્તવ ઉપરની જિન-પ્રભસૂરિકૃત ટીકામાં નજરે પડે છે. એનો ઉપયોગ "જૈન શ્રેયસ્કર મંડળ" તરફથી પ્રસિદ્ધ થયેલ "પંચ પ્રતિક્રમણ સૂત્ર"ના પુસ્તકમાં કરાયો છે.

**પ્રકાશન**–આ સ્તવ અર્થ સહિત ઇ. સ. ૧૮૯૫ માં સૌથી પ્રથમ અમદાવાદથી પ્રસિદ્ધ થયું હોય એમ લાગે છે.[1]

**પ્રણેતા**–આ સ્તવના પ્રણેતા તરીકે નંદિષેણનું નામ રજૂ કરાય છે.

**શત્રુંજય મહાકલ્પ**માં કહ્યું છે કે–નેમિનાથના કહેવાથી 'શત્રુંજય'ગિરિની યાત્રાએ ગયેલા નંદિ-ષેણ ગણિએ આ સ્તવ રચ્યો છે. કેટલાકના મતે આ નંદિષેણ તે મહાવીરસ્વામીના શિષ્ય થાય છે. અને એમણે 'શત્રુંજય' પર્વત ઉપર અજિતનાથ અને શાંતિનાથના બે મંદિરોની વચ્ચે ઊભા રહી એકી સાથે આ બે જિનેશ્વરોની સ્તુતિ કરવા માટે આ કૃતિ રચી છે.

**પ્રાચીનતા**–આ સ્તવની પ્રાચીનતા વિષે આપણે પ્રાચીન ગ્રંથો તપાસવા જોઇએ. કપ્પ યાને બૃહ-ત્કલ્પસૂત્રની ટીકામાં એક સ્થળે એના ટીકાકારે આ સ્તવનો ઉલ્લેખ કર્યો છે. જિનદાસગણિકૃત **નિસીહવિસેહચુણ્ણિ**માં કોઇક સ્થળે આ સ્તવનો ઉલ્લેખ વાંચ્યાનું મને સ્ફુરે છે, પરંતુ આ ચુણ્ણિ અત્યારે એક તો મારી સામે નથી અને એ હોત તો પણ પ્રસ્તુત સ્થળ હું શોધી શકું કે કેમ એ શંકા છે. ગમે તેમ પણ આ સ્તવ વિક્રમની આઠમી સદી જેટલું તો પ્રાચીન હશે એમ મને લાગે છે, કેમકે આ સ્તવના અનુકરણરૂપે જિન-વલ્લભસૂરિએ **ઉલ્લાસિક્કમ–થોત્ત** રચ્યું છે અને આ સૂરિએ વિ. સં. ૧૧૨૫ માં 'ગણિ' તરીકે

---

[1] જુઓ મગનલાલ મનસુખરાય તરફથી છપાયેલ **પંચપ્રતિક્રમણ સૂત્ર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સંવેગરંગસાલા** શોધી છે અને એમનો દેહોત્સર્ગ વિ. સં. **૧૧૬૭** માં થયો છે.

ટીકા ઇત્યાદિ-નંદિષેણકૃત **અજિયસંતિથય** ઉપર વિવિધ ટીકાઓ અને અવચૂરિઓ છેઃ–

(૧) જિનપ્રભસૂરિએ વિ. સં. ૧૩૬૫ માં રચેલી **બોધદીપિકા**.

(૨) ગોવિંદાચાર્યે રચેલી અને "**प्रणिपत्य जिनं शान्ति**" થી શરૂ થતી ટીકા.

(૩) ચન્દ્રકીર્તિના શિષ્ય હર્ષકીર્તિએ રચેલી ટીકા.

(૪) અજ્ઞાતકર્તૃક અવચૂરિઓ.

આ પૈકી પહેલી બે ટીકાની મુદ્રણ-પુસ્તિકા મેં વર્ષો થયાં તૈયાર કરી છે, પરંતુ એ હજી સુધી તો છપાવી શકયો નથી. કોઇ પ્રકાશક મળે તો અંગ્રેજી અનુવાદ સહિત એ છપાવવા મારી ઇચ્છા છે.

**ગેયતા**–આ સ્તવની ગેયતા જોતાં એ ચૂડીમાં ઉતારાય–એની રેકર્ડ ઉતારાય અને વાયુ-પ્રવચન (રેડિયો) પરથી એ રજૂ કરાય તો કેમ?

**અનુકૃતિઓ**–વિશેષમાં જેમ છંદોની દૃષ્ટિએ આનો અભ્યાસ થોડોઘણો પણ કરાયો છે તેમ એની ભાષા અને અલંકારોની દૃષ્ટિએ વિચાર થવો ઘટે છે.

સુપ્રસિદ્ધ **અજિયસંતિથય**ના અનુકરણરૂપે જે કેટલીક કૃતિઓ જોવાય છે તે હવે વિચારીશું:

(૧) **વિરહાંકિત અજિતશાંતિ સ્તવ**–આમાં ૪૨ પદ્યો છે. આ કૃતિ વિષે **જિનરત્નકોશ** (ભા. ૧, પૃ. ૩) માં ઉલ્લેખ છે. એ ઉપરથી ખંભાતમાં આની એક હાથપોથી છે એમ જણાય છે. આ કૃતિ જો અપ્રસિદ્ધ હોય તો તે પ્રસિદ્ધ થવી ઘટે.

(૨) **અજિતશાંતિ સ્તવ**–આ કૃત સંસ્કૃતમાં વિ. સં. ૧૬૫૧ માં સકલચન્દ્રના શિષ્ય **શાંતિચન્દ્રગણીએ** રચી છે. અને એ મૂળ પાઇય કૃતિના છંદ અને વિષયના અનુકરણરૂપ છે.

(૩) **ઉલ્લાસસિક્કમ-થોત્ત યાને અજિતશાંતિ લઘુ સ્તવ**–આ પાઇયમાં ૧૭ પદ્યમાં રચાયેલા સ્તોત્રના કર્તા જિનવલ્લભસૂરિ છે અને એના ઉપર જિનેશ્વરસૂરિના શિષ્ય ધર્મતિલકે વિ. સં. ૧૩૨૨ માં સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. જયસોમના શિષ્ય ગુણવિનયે પણ એક વૃત્તિ રચી છે.

(૪) **અજિતશાંતિ લઘુ સ્તવ**–આ પણ ૧૭ પદ્યોની કૃતિ છે પણ એ સંસ્કૃતમાં છે. એના કર્તા જયશેખરસૂરિ છે.

(૫) **અજિઅસંતિ થુત્ત**–(**અજિતશાંતિ સ્તોત્ર**)–આ ૧૭ પદ્યમાં જઇણ મરહટ્ટીમાં રચાયેલું સ્તોત્ર **જૈન સ્તોત્રસંદોહ** (ભા. ૧) માં પૃ ૧૧૨-૧૧૪ માં છપાયું છે. એને અહીં 'મહામંત્રગર્ભિત' કહ્યું છે. આ સ્તોત્રના ત્રીજા પદ્યમાં કહ્યું છે કે–અરિષ્ટનેમિના કહેવાથી નંદિષેણે અજિત અને શાંતિ એ બે જિનોની સમકાળે સ્તુતિ કરી. આ જ બે જિનોની આ સ્તોત્રમાં સ્તુતિ કરી છે. કર્તાનું નામ ધર્મઘોષસૂરિ છે એમ ભાસે છે.

(૬) **અજિતશાંતિ સ્તવ**–જિનદત્તસૂરિએ ૧૫ પદ્યોમાં સંસ્કૃતમાં વિવિધ છંદોમાં રચેલો આ સ્તવ **જૈન સ્તોત્રસંદોહ** (ભા. ૧, પૃ. ૧૯૯-૨૦૨) માં છપાયો છે.

(૭) **લઘુ-અજિત-શાંતિ-સ્તવ**–આ આઠ પદ્યોમાં "અપભ્રંશ"માં રચાયેલી નાનકડી કૃતિ છે. એના કર્તા **વીરગણિ** છે.

**ઋષભવીર સ્તવ**–જેમ ઉપર્યુક્ત કૃતિઓમાં અજિતનાથ અને શાંતિનાથની ભેગી સ્તુતિ છે, તેમ ઉપર્યુક્ત સકલચન્દ્રના શિષ્ય વાચક **શાંતિચન્દ્રે** ૩૯ પદ્યોમાં સંસ્કૃતમાં, નંદિષેણની પાઇય કૃતિમાં વપરાયેલા છંદોમાં ઋષભદેવ અને મહાવીરસ્વામીની ભેગી કૃતિરૂપે આ સ્તવ રચ્યો છે. આમ અહીં બે રીતે અનુકરણ છે. (૧) છંદની બાબતમાં અને (૨) બે તીર્થંકરોની સામટી સ્તુતિ તરીકે.

આ **ઋષભવીર સ્તવ** ભીમસી માણેક તરફથી વિ. સં. ૧૯૩૪ માં **પ્રકરણ-રત્નાકર** (ભા. ૩, પૃ. ૮૩૫-૮૩૬)માં પ્રસિદ્ધ કરાયો છે. ડૉ. શુબ્રિંગે **નંદિષેણકૃત અજિયસંતિથય**ની સાથે સાથે આ સ્તવનું સંપાદન કર્યું છે અને એ Z I I (પૃ. ૧૭૮ ઇત્યાદિ) માં ઇ. સ. ૧૯૨૩ માં છપાયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજના વ્યાખ્યાનમાંથી તારવેલાં

# કલ્યાણ સૂત્રો.

જીવન, એ આપણા કર્તવ્યનો પડઘો છે. જીવનના રંગ તો ફરતા છે, આ દુનિયામાં શાશ્વત શું છે? રંગ, રૂપ, ખુમારી, બળ, ઐશ્વર્ય-આ બધુંય નશ્વર છે. જીવનનાં રૂપ અને સૌન્દર્ય સંધ્યાના રંગ જેવા ક્ષણજીવી છે. ખરું સૌન્દર્ય તો આત્માનું છે. સૌન્દર્ય વસ્તુગત નહિ પણ ભાવનાગત છે. ભાવના જો ભવ્ય હોય તો આત્માનું ચિદાનન્દમય સ્વરૂપ સમજાય છે. આવું સ્વરૂપ જેને સમજાય છે, તેને જગતની બીજી કોઇપણ વસ્તુ આકર્ષી શકતી નથી. અને આત્માના રૂપ અને પરમાત્માનાં સૌન્દર્યની મસ્તીમાં, તેની ખુમારીમાં, કાંઇક અનોખી જ મઝા આવતી હોય છે.

સંસાર નશ્વર હોય, અસાર હોય, અનિત્ય હોય, ક્ષણભંગુર હોય; તો આપણે, આપણને કેમ શાશ્વત માની બેસીએ છીએ? આપણું જીવન કેમ નિત્ય અને વ્યવસ્થિત લાગે છે? આપણે આપણી જાતને કેમ ચિરંજીવી માનીએ છીએ? કારણ કે દુનિયામાં બધુંય ક્ષણભંગુર છે જ નહિ: આપણો દેહ, આપણા વિલાસો અને આપણું ભૌતિક સુખ-આ બધું અસ્થિર છે, પણ આપણો આત્મા તો અમર છે, એનો પ્રવાસ કદી અટકતો નથી; એ તો શાશ્વત છે. અને એનું જ પ્રતિબિમ્બ જગતની વસ્તુઓમાં પડવાથી આપણે માનીએ છીએ કે આ બધું સ્થિર છે, શાશ્વત છે. અને ખરી રીતે ધર્મશાસ્ત્રો અહિં જ કામ લાગે છે. એ સમજાવે છે કે-તમને જે શાશ્વત લાગે છે, તે ભાતિક પદાર્થ નહિ પણ આત્મા! અને તમને જે નશ્વર લાગે છે તે આત્મા નહિ પણ ભૌતિક પદાર્થ!

× × ×

જગતની દૃષ્ટિએ સુખી દેખાતો માણસ ખરેખર, સુખી હોતો નથી. કારણ કે એનું સુખ કાયમનું થઇ ગયું હોય છે, એટલે એ એના ધ્યાનમાં આવતું નથી. અને એની સુખની કલ્પનાઓ વધારે વિસ્તૃત થતી જતી હોય છે. અને એની સુખની કલ્પનાઓ જેમ વધારે ભવ્ય બનતી જાય છે તેમ એના હૈયામાં અ-સંતોષ વધતો જાય છે અને અસંતોષ એ તો પાવકજવાળા છે, એ જ્યાં પ્રગટે ત્યાં બાળ્યા વિના રહે જ નહિ!

× × ×

અહિંસા જેવી શક્તિશાળી ચીજ દુનિયામાં કોઇ નથી, આ ત્રણ અક્ષરમાં તે શું હૈવત ભર્યું હશે કે જગતની સર્વ સુંદર ભાવનાઓ આમાંથી જન્મે! અહિંસા ઉપર આખી દુનિયાનું મંડાણ! પ્રેમ આમાંથી જન્મે. વિશ્વવાત્સલ્ય આમાંથી જાગે. અને વિશ્વોદ્ધારની ભાવના પણ આમાંથી ઉદ્ભવે! અહા! અહિંસાનું કેવું મહાત્મય!

× × ×

સેવા અને કર્તવ્યોને જ્યારે ઉપર લાવવાની બહાર લાવવાની-ભાવના જ્યારે, સેવકના મનમાં જાગે છે ત્યારે બધું સૂકાઇ જાય છે. અને એ જ પતનનું પ્રથમ પગથિયું છે! જીવનનાં દરેક કાર્યમાં આપણી કર્તવ્ય બુદ્ધિ જાગવી જોઇએ. કર્તવ્યની કેડી વટાવવી બહુ મુશ્કેલ છે, એની અંદર અભિમાન-ગર્વનું, ચારે તરફ વાવાઝોડુ વાતુંજ હોય છે તેની સામે તો કોઇ વિરલ જ ટકી શકે!

× × ×

વિશ્વને આદર્શમય બનાવવું હોય તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહેલા પોતે આદર્શવાન બનવું! આપણા કોઇ પણ કાર્યમાં આપણો આત્મા રેડાયો હોય, હૃદય અર્પણ થયેલું હોય, અને તે પ્રેમના રંગે રંગાયેલું હોય અને જે કર્તવ્ય આપણા પ્રેમથી ભિંજાયેલું હોય તેની ઝલક તો જુદી જ હોય ને?

પરોપકાર માટે જેટલું આપણું ધન, બુદ્ધિ, શરીર અને મન વપરાય છે, એટલો આપણો આત્મા સમૃધ્ધ બને છે, અને સેવા પણ આવી પ્રેમ ભાવના વિના કર્કશ બની જાય છે. સેવાને સફળ કરાવનાર, તેની પાછળ વસાવેલો આપણો પ્રેમ છે. આપણું હૃદય છે!

× × ×

સંયમ એટલે આપણી કર્તવ્યપરાયણતા અને જીવનની પ્રમાણિક નીતિ! મન પર કાબૂ અને પ્રલોભનકારી વસ્તુઓનો ત્યાગ એ જ વાસ્તવિક સંયમ! તમે જીવનના ગમે તે ક્ષેત્રમાં કામ કરો પણ એમાં સંયમનું સૌન્દર્ય પ્રગટાવો, એટલું જ મારું કહેવું છે. સેવા કરનારા ઘણા છે; કર્તવ્ય કરનારા ઘણા છે, પોતાનું બલિદાન આપનારા પણ ઘણા છે; પણ તેનો બદલો ન મળતાં નહિ મુંજાનારા અને બદલો મળવા છતાં નહિ ફુલાનારા સાવ ઓછા છે!

× × ×

જગત માટે પોતાના જીવન ને ઘસી નાખનાર મનુષ્ય, પોતે ઘસાતો નથી. પણ પૃથ્વી પર સ્વર્ગ ઊભું કરે છે.

× × ×

પોતાના ક્ષેત્રમાં મનુષ્ય સંપૂર્ણ અને સમર્થ હોય તો તે વિશ્વના ગમે તે સ્થાનમાં સંપૂર્ણ ને સમર્થ બની શકે છે. આપણા મુખ્ય કર્તવ્યમાં સંપૂર્ણતાનું મધુર સંગીત ભરી દઇશું, તો તે ચારે બાજુ ગુંજી ઉઠશે અને પ્રત્યેક સ્થાને પોતાની મધુરતાથી છલકાવી દેશે!

× × ×

સાચું સુખ, પૈસા, રૂપ કે સત્તા ઉપર અવલંબિત નથી. તે તો છે મનુષ્યના હૃદયમાં! તેના કર્તવ્યમાં અહંભાવ ન હોય, તેની ફરજમાં નિષ્કામભાવ હોય ત્યારે જ તેના જીવનમાંથી સુખનું સંગીત ઝરે છે!

× × ×

જગત, માનપત્ર લેનારાઓ ઉપર નહિ પણ મૌન-ભાવે કર્ત્તવ્યો કરનાર ઉપર ચાલે છે. તેઓનાં મૂક બલિદાનો ઉપર જ જગત ટકી રહ્યું છે.

× × ×

વિદ્યા કોઇની ખુશામત ન કરે. ખુશામત કરીને પોતાની વિદ્યાને વેચી નાખે તે સાચો વિદ્વાન જ નહીં!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.



## જન્મ જયંતિ મહોત્સવ–પાલીતાણા

પ્રભાવશાળી મહાનવિભૂતિ આચાર્ય શ્રીવિ**જયવલ્લભસૂરીશ્વરજી મહારાજ**ની ૮૨ મો જન્મ જયંતિમહોત્સવ ઘણી ધામધૂમથી પંજાબી જૈન ધર્મશાળામાં આમાસના કારતક શુદ ૨ ના રોજ ઉજવાયો હતો. આશો શુદ **૧૩ થી** કારતક શુદ ૫ સુધી તે નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ કરવામાં આવ્યો હતો. પંજાબ, મારવાડ, ગુજરાત, સૌરાષ્ટ્રથી અનેક જૈન બંધુઓ જૈન ઉમેદપુર કોલેજના વિદ્યાર્થીઓ પણ આવ્યા હતા.

કા. શુ. ૨ ભાઇબીજના સુપ્રભાતે નવ વાગતા પંજાબી ધર્મશાળામાં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીની નિશ્રામાં મુનિશ્રી દર્શનવિજયજી ત્રિપુટી આદિ, મુનિવર્યશ્રી કાંતિસાગરજી આદિ મુનિમંડળ, સાધ્વી સમુદાયને તેમજ યાત્રિક સમુહ સારી સંખ્યામાં દેખાતો હતો. સભાની શરૂઆતમાં પંજાબ ગુજરાનવાલા ગ્નાનચંદજી ( હાલ આગ્રાવાસીએ ) જન્મ જયંતિનું કાવ્ય ગાયું હતું. બાદ શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન સંગીત મંડળીના બાળકોએ જયંતિનાયક અંગેનું કાવ્ય ભાવભરી રીતે ગાયું હતું. બાદ શેઠ રોશનલાલજી એડવોકેટ સાહેબને પ્રમુખસ્થાન અંગે શ્રી અમરનાથ જૈની હોશીયારપુરવાળાને ફુલચંદ હરિચંદભાઇએ અનુમોદન આપ્યું હતું. બાદ પટ્ટી પંજાબવાળા અમરનાથજીએ કાવ્ય સંભળાવ્યું હતું. બાદ હોસીયારપુરવાળા અમરનાથજીએ બહારના આવેલા સંદેશાઓ રજુ કર્યા હતા. જેમાં વોશીંગટન (અમેરીકા)થી શ્રી પ્યારેલાલ જૈન, મુંબઇથી શ્રી ગોલવાડ જૈન સંઘ, શેઠ હીરાચંદ મુળચંદ, શેઠ ઉત્તમચંદ માનચંદ, શ્રી કાળીદાસ દોસી, શા ફુલચંદ શામજી, શેઠ પોપટલાલ ધારસી, શ્રી શાંતિલાલ ગોકળદાસ, શ્રી સેસમલ દીપચંદ, શા લાલચંદ કીશનચંદ, શેઠ મોતીલાલ મુળજી, શાંતિલાલ ઓધવજી, બીપીનચંદ હીરાલાલ, બી. કે. શાહની કું. ભાવનગરથી શ્રી સંઘ, શેઠ ભોગીલાલ મગનલાલ, વોરા અમરચંદ જસરાજ, અમદાવાદ હરજીવનદાસ, વિલાયતીરાય પંજાબી, અંબાલા સંઘ, સુંદરલાલ રોશનલાલ, આત્માનંદ જૈન સભા, જૈન કોલેજના પ્રીન્સીપલ, દીલ્હીથી જૈન આત્માનંદ સભા, જયપુરથી શ્રીયુત ગુલાબચંદજી ઢઢ્ઢા, પંજાબી શ્રી સંઘ, રાણીથી વરકાણા વિદ્યાલય, લુધીયાણાથી નવયુવક મંડળ, આત્માનંદ સભા, જૈન ઇન્ડસ્ટ્રી, રૂપકીશોર, અમૃતસરથી ફતેહકુમાર, પાલનપુરથી કીરતીલાલ બક્ષી, જંડીયાલા સંઘ, મુલુકરાજ ગ્નાનચંદ, વિજયાનંદ વાંચનાલય, હોસીયારપુરથી શાન્તીસ્વરૂપ, માલેર કોટલા ગ્નાનચંદ, આગ્રાથી પંજાબી સંઘ, સમસ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંઘ મથુરાદાસ, દીનાનાથ, રાજેન્દ્ર સેનેટ્રી પ્રીટીંગ કું. બોરસદ, કપડવંજ, ચીતોડગઢ, બારેજડી બોડેલી વિગેરે ગામના તાર તેમજ કાગળો, શુભેચ્છા દર્શાવતા આવેલા.

સંદેશાઓના વાંચન બાદ સાધ્વીશ્રી પ્રવીણશ્રી જસવંતશ્રી તથા ચીતરંજનશ્રીજીએ આચાર્યશ્રીના જીવનપ્રસંગોનું કાવ્ય ગાઇ સંભળાવ્યું, બાદ પંજાબી બાળા સંતોષકુમારીએ મધુર કાવ્ય ગાયેલ હતું. બાદ મુનિવર્ય શ્રી જનકવિજયજી, મુનિ શ્રી બળવંતવિજયજીએ જયંતિ નાયકના જીવન પ્રસંગો અંગે પ્રવચનો આપ્યા બાદ પન્યાસ શ્રી પૂર્ણાનંદવિજયજી ગણીવર્યે આચાર્યશ્રીનું જીવન ટુંકમાં સમજાવ્યુ હતું. બાદ ડો. બાવીસીએ આચાર્યશ્રી કેળવણીના પોષક હોવાનું તેમજ મહાવીર જૈન વિદ્યાલય અને મારવાડની સંસ્થાઓના સ્થાપક હોવા અંગેના તેમજ સમાજમાં વિરોધના વંટોળ સામે ઝઝુમી રહેલ તે પ્રસંગો વર્ણવ્યા હતા. ત્યારબાદ ભાવનગર જૈન આત્માનંદ સભાના સેક્રેટરી શ્રીયુત વલ્લભદાસ ત્રિભોવનદાસ ગાંધીએ આચાર્યશ્રીની સાહિત્ય તેમજ કેળવણી પ્રત્યેની અંતરની ધગશ અંગે સુંદર ભાષામાં પ્રવચન આપીને આચાર્યશ્રીનું ૧૨૦ વર્ષનું દીર્ધાયુ ઇચ્છયું હતું. ત્યારબાદ જોરસંગ કવિએ આચાર્ય શ્રી પોતાનું બીજાના કલ્યાણ કરતાં પોતાના આત્મકલ્યાણ માટે છે તેમ સુંદર ભાષામાં કહેલ અને શત્રુંજયની પવિત્ર ભુમીમાં દુષ્કાળ છે જેથી માનવ રાહત અંગે કાર્યો કરવાની જરૂરીઆત દર્શાવી મહાજન સંસ્થાને અત્યારે આ પરિસ્થિતિ જોતા કામ ઉપાડી લેવાની જરૂરીયાત દર્શાવી હતી.

અત્યારની વિષમ સ્થીતિ અંગે સરકાર તેમની રીતે કામ કરશે. સાથો સાથ પ્રજાએ પણ સાથ આપી સમય નહીં ચૂકવા સમર્થન કર્યું હતું અશક્ત માનવો માટે રસોડું થશે જેમાં મદદ અંગે અપીલ કરી હતી.

પ્રસિદ્ધ વક્તા મુનિશ્રી કાંતિસાગરજી મહારાજે આચાર્યશ્રીના જીવન અંગે જીવવાની કળા તેમજ સ્કુલોમાં આજ અપાઇ રહેલા શિક્ષણની ખામી અને કેળવણીની આવશ્યકતા અંગે સુંદર શૈલીમાં પ્રવચન આપ્યું હતું. બાદ શ્રીયુત શિવજીભાઇ દેવશીએ દરેક માનવને આંબા સુંદર તેમજ સચોટ રીતે સમજાવ્યું હતું. બાદ જેવંતરાજજી પંજાબીએ પ્રાસંગિક પ્રવચન આપ્યું ત્યારબાદ માસ્તર શામજી ભાઇચંદ કુંડલાકરે આચાર્યના જીવનપ્રસંગો ઉપરથી આપણે અમલમાં મૂકવા લાયક કાર્યો કરી બતાવવા દર્શાવ્યું હતું. બાદ મુનિવર્ય શ્રી જ્ઞાનવિજયજી ત્રિપુટીએ કેળવણીના ક્ષેત્રોની શરૂઆત પ્રથમ મેસાણા ને પછી બનારસથી થઇને અત્યારે શું છે તે જણાવ્યું હતું. બાદ મુનિવર્ય શ્રી ક્ષમાનંદવિજયજી. લાલા અમરનાથ જૈની હોસીયારપુરવાળા, દોસી ફુલચંદે આચાર્યશ્રીના જીવનપ્રસંગો પંજાબમાં હિંદ આઝાદ બન્યુ ત્યારે પાકીસ્તાન ગુજરાનવાળામાં આચાર્યશ્રી બિરાજતા હતા તે સમયની વિકટ પરિસ્થીતિ ત્યાંના જૈન ભાઇઓ સાથે આઝાદ હીંદમાં આવવું, મારવાડમાં કે જ્યાં શિક્ષણના સંસ્કાર નહીં તે પ્રદેશમાં શિક્ષણનાં બી રોપવા ને કેળવતીના કેન્દ્રો ખોલવામાં મુશ્કેલીઓ, મારવાડના પ્રદેશમાં ચોર લોકો વિહારમાં કપડા પણ ઉપાડી ગયાનો પ્રસંગ વર્ણવવા હતા. સાધ્વીશ્રી દર્શનશ્રીજીએ કાવ્ય સંભળાવ્યું હતું. ત્યારબાદ બુલંદ અવાજે સાધ્વીશ્રી હેમેન્દ્રશ્રીજીએ પ્રવચન કરતાં કહ્યું કે–કેળવણી પુરૂષોમાં અપાય છે તેમ બ્હેનોમાં મોટા પ્રમાણમાં અપાય તેમ કરવું જરૂરી છે અને અત્યારે કેટલીક બ્હેનોની પરિસ્થિતિ ઠીક નથી ને પરવશતા ભોગવવી પડે છે તે દુર કરવા બ્હેનોને હુન્નર–ઉદ્યોગ શીખવી પગભર કરવા સૂચન કરવામાં આવતા સભામાં આશાની લાગણી પ્રગટ થઇ હતી.

સાધ્વીશ્રીના પ્રવચનથી જનતામાં બ્હેનો માટે ઉદ્યોગશાળા સ્થાપવા વિચારણા થઇ ને ફાળો શરૂ થતાં તેજ સમયે ઠીક રકમો નોંધાઇ હતી. જેમાં રૂા. ૫૦૧ સંઘવી કાનમલજી દયારામજી નાગોર રૂા. ૫૦૧) લાલા તારાચંદજી અંબાલાવાળા અને બીજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરચુરણ રકમો મળી લગભગ બેથી અઢી હજારની રકમ થઇ હતી ત્યારબાદ સાધ્વીજી અને બીજાના પ્રાસંગિક પ્રવચનો થયા હતા ત્યારબાદ પ્રમુખ શ્રી રોશનલાલજી એડવોકેટે જણાવ્યું કે–આચાર્યશ્રી એ પંજાબ, મારવાડ, તેમજ ગુજરાતમાં જૈન ધર્મના સંસ્કારો તેમજ કેળવણીની પ્રગતિ અંગે જે અથાગ પરિશ્રમ લઇ કાર્ય કરેલ છે તે અવિચળ રહેશે. તેઓશ્રીને પંજાબમાં પધારી અમોને જાગૃત રાખવા વિનતી કરી. આચાર્યશ્રીનું દીર્ઘાયુ ઇચ્છયું હતું. બાદ પ્રભાવના થઇ હતી.

આચાર્યશ્રીના જન્મદિન અંગે આપણા સ્વામી ભાઇઓની ભક્તિ, ગરીબોને મીઠા મોઢા તેમજ ઢોરોને ચારો આપવામાં લગભગ રૂા. એક હજાર અપાયા હતા તેમજ આચાર્યશ્રીની આ. વ. ૧૦ના થએલ પ્રેરણાનુસાર અશક્ત માણસો માટે રસોડાની શરૂઆત થયેલ.

બપોરના દબદબાભરી રીતે આચાર્યશ્રી રચીત શ્રી ચારિત્ર પૂજા ભણાવવામાં આવી હતી.

## સદ્‌ગત શ્રી ચારિત્રવિજયજી કચ્છી જયંતી ઉત્સવ

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીની નિશ્રામાં સદ્‌ગતના પરિવાર મંડલની હાજરી વચ્ચે ભાવનગરવાળા **શેઠ ભોગીલાલ મગનલાલ મીલવાળાના** પ્રમુખપણા નીચે ઉજવાયો હતો. પ્રથમ ગુરૂપૂજન થયા બાદ ત્યાર બાદ ડોકટર ભાવીશી શેઠ આ. + ક. પેઢીના મુનીમ ઠાકરસીભાઇ તેમજ ફુલચંદ હરીચંદ દોશીના પ્રવચનો થયા હતા. છેવટે પ્રમુખસ્થાનેથી શેઠ ભોગીલાલ ભાઇએ સદ્‌ગતના ધર્મના પ્રભાવનાના કાર્યોની પ્રશંસા કરી અત્યારના દેશકાળે કપરાદુષ્કાળના ટાઇમમાં બીજાના દુઃખોના દુઃખે દુઃખી થઇ તેનું નિવારણ કરવા કંઇ કરવાની જરૂર છે. માટે બીજા બધા કાર્યો પડતા મુકી તાકીદે દુષ્કાળ રાહતનું કાર્ય જલદી ઉપાડવું જોઇએ વગેરે અસરકારક વિવેચન કર્યા બાદ તે અંગે માનવરાહત ફંડ કરવામાં આવ્યું હતું. અને રસોડુ ખોલવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

**મહોત્સવઃ**—શ્રી આત્માનંદ પંજાબી જૈન ધર્મશાળામાં શ્રી વાસુપૂજ્યસ્વામીનાં દહેરાસરમાં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજની સાનિધ્યમાં સાધ્વીજી શ્રી જયશ્રીજીની શિષ્યા લખમીશ્રીજીની શિષ્યા તરુણશ્રીજીએ કરેલ દોઢમાસની તપશ્ચર્યા નિમિત્તે ભાદરવા સુદ ૬, થી ૧૫, સુધી અઠ્ઠાઇ મહોત્સવ સમારોહપૂર્વક થયો. વિવિધ પૂજાઓ તેમજ રાતના ભાવના, આંગી, પ્રભાવના આદિ કરવામાં આવી હતી.

ભાદરવા વદ ૨ સંક્રાન્તી હોઇ પંજાબ, બીકાનેર આદિથી ભાવિકો આવ્યા હતા. આચાર્યશ્રીજીએ સ્તોત્ર સંભળાવવાપૂર્વક આશ્વિનની સંક્રાન્તીનું નામ સંભળાવી, આ માસમાં આવતા કલ્યાણકાદિ સંભળાવી વિશેષ ધર્મધ્યાન કરવા સચોટ ઉપદેશ આપ્યો હતો.

બાર વાગે શ્રી પદ્મવિજયજીકૃત નવાણું અભિષેકની પૂજા ભણાવવામાં આવી હતી. ચતુર્વિધ શ્રી સંઘે સારા પ્રમાણમાં લાભ લીધો હતો.

આચાર્યશ્રીજીની અધ્યક્ષતામાં નવપદ આરાધન સારી રીતે કરવામાં આવ્યું, વિધિવિધાન–પૂજાદિ ભાવિકો ઉલ્લાસપૂર્વક કરતા હતા.

ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય ( તપાગચ્છાચાર્ય ) શ્રીમદ્‌વિજયાનંદસૂરીશ્વર ( આત્મારામજી ) મહારાજ સાહેબના સમુદાયના પ્રવર્તની સાધ્વીજી શ્રી દેવશ્રીજીની આશ્વિન સુદિ છઠ્ઠની સ્વર્ગવાસ તિથિ હોવાથી આ. સુ. છઠ્ઠથી પુનમ સુધી વિવિધ પ્રકારની પૂજાઓ ભણાવવામાં આવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠ ભોગીલાલભાઈ મગનલાલ મીલવાળા.

શ્રેષ્ઠીવર્ય શેઠ ભોગીલાલભાઇ ધર્મશ્રદ્ધાળુ દેવગુરુભક્તિનો સુંદર નમૂનો છે, દાનવીર છે, તેમાં બે મત છે નહિં; સૌરાષ્ટ્રના જૈન નરરત્ન છે તે સર્વમાન્ય છે, પુણ્યાનુબંધિ પુણ્ય બાંધનાર એક સૌજન્યમૂર્ત્તિ છે તેની સાબિતી



દાનવીર તરીકેની હકીકત જગજાહેર છે. તે પુણ્યપ્રભાવક પુરુષને આ કપરી મોંઘવારી, દુષ્કાળ, ખાવા, પીવા, પહેરવાના સાધનોની તીવ્ર અછત જોઇ મૂંગા પ્રાણીઓ તેમજ આમજનતાની દુઃખદ સ્થિતિ માટે તેમનું હૃદય હચમચી ઉઠયું, અનુકંપા ઉભરાણી. રાજ્યમાન્ય અને પ્રજાપ્રિય છે તેથી કહો કે હળવાકર્મી છે તેમ માનો કે આત્માની કોમળતા સાથે કોઇપણ રીતે કોઇના પર ઉપકાર કરવો તેવી દૈવી ભાવનાને લઇને પ્રથમ મૂંગા પ્રાણીને બચાવવા પોતે જ તૈયાર થયા. પોતાની એક સારી રકમ ભરી, અનેક કામના બોજા વચ્ચે પ્રથમ સ્થાન પ્રણીદયાને આપી પોતાના સ્નેહી વોરા **ખાન્તિલાલ** અમરચંદ તથા બીજાઓને સાથે લઈ મુંબઇ પહોંચ્યા. વ્યાપારની સ્થિતિ પાછી હઠતી (કથળી ગયેલી હોવા) છતાં પોતાની પ્રથમ ઉદારતા સાથે પોતાની લાગવગનો સારામાં સારો ઉપયોગ કરી રૂા. પંચોતર હજાર (પોણા લાખ)નું ફંડ કરી અત્રે આવ્યા. અહિં હજુ પણ ફંડ ભરવું બાકી છે તે ભરાશે. મૂંગાપ્રાણીના બચાવ સાથે આશીર્વાદ સાંપડશે. હજી તો કામ બાકી છે કારણ કે બોલતા પ્રાણી મનુષ્ય રહી જાય છે, તેને માટે તેમણે તૈયારી કરી છે. સાંભળવા પ્રમાણે પોતે મીલમાલેક સાથે રૂા. પચાશ હજાર આપવા તૈયાર છે. રૂા. પાંચ લાખ મુંબઇ અને બીજે કરવા તૈયારી છે. હવે તેમણે દયાના સમુદ્રનું બિરુદ મેળવ્યું છે. ધન્ય છે તેમની પરોપકારવૃત્તિને, સખાવતને, દયાળુપણાને અને પુણ્ય પ્રભાવકપણાને. આવા નરરત્નો કોઇપણ શહેરમાં સો બસે વરસે જન્મે છે. આવા ઉચ્ચ કોટીના આત્માઓ માટે શાસ્ત્રકાર મહારાજો સત્ત્વશાળી પુરુષ તરીકે જણાવે છે. આ પુરુષરત્ન પણ તે જ છે. મુંબઇથી આવતાં એરોડ્રામ ઉપર જૈન સમાજે સુંદર સત્કાર કર્યો હતો.

તા. ૨૦-૧૧-૧૯૫૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભાવનગરના સમાચાર અને શાસનદેવોની અપૂર્વ કૃપા.

દાદાવાડી શેઠ ચુનીલાલ દુર્લભદાસના બંગલે બિરાજમાન પંન્યાસજી શ્રી **કનકવિજયજી** મહારાજ ઠાણા છ સપરિવારના ઠાણા-ઉઠાણા શાહ રવચંદ ગોરધનને ત્યાં અને વડવા ઉપાશ્રયે બિરાજમાન મુનિરાજશ્રી **ચંદ્રકાન્તસાગરજી** મહારાજ તથા મુનિરાજશ્રી **ચંદ્રપ્રભસાગરજી** મહારાજના ઠાણાઉઠાણા શેઠશ્રી ભોગીલાલભાઇ મગનલાલ મીલવાળાને ત્યાં થયા હતા અને ત્યાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજની જન્મ જયંતી મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજના અધ્યક્ષપણે વિદ્વાનોના ભાષણો સાથે ઉજવાઇ હતી. બંને સ્થળોએ ધામધૂમપૂર્વક પૂજ્ય મુનિરાજોને લઈ જવામાં આવ્યા હતા અને તે જ દિવસે બંને સ્થળે વ્યાખ્યાનો અને પૂજા ભણાવવા સાથે પ્રભાવના કરવામાં આવી હતી.

બીજે દિવસે વડવાને ઉપાશ્રયે ચાતુર્માસ બિરાજમાન પૂજ્ય મુનિરાજો શ્રી ચંદ્રકાન્તસાગરજી મ. તથા પૂજ્યશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ ભાવસાર ગોવીંદલાલ ગાંડાના ધર્મપત્ની દીવાળીબ્હેનની વિનંતિથી ધામધૂમપૂર્વક તેમને ત્યાં પધાર્યા હતા. સવારના વ્યાખ્યાન, બપોરના પૂજા ભણાવવા સાથે પ્રભાવના થઇ હતી. આવા આનંદજનક દિનના પ્રસંગે તેજ રાત્રિના અઢી વાગે તે મકાનના નીચેના ભાગથી દાદર સાથે ભયંકર આગે દેખાવ દીધો, એટલે પૂજ્ય મુનિવરો અને ઘરના માણસોને બહાર નીકળવું મુશ્કેલ થઈ પડયું. આખરે દોરડા ને નીસરણીના આધારે સહિસલામત રીતે નીચે ઉતરવાનું બન્યું. પૂજ્ય મુનિવર્યોના સંયમ અને બ્રહ્મચર્યના તેજવડે, શાસનદેવોની કૃપાથી ભાવનગર શ્રી સંઘના પુણ્યવડે સર્વેનો બચાવ થઈ ગયો, પરમ આનંદ થયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## એક અનુપમ માંગલિક પ્રસંગ.

સં. ૨૦૦૮ ના માગશર સુદ ૭ બુધવાર તા. ૫-૧૨-૫૧ ના રોજ આચાર્ય ભગવાન, પંજાબકેશરી, યુગવીરના મુબારક હસ્તે શ્રી " આત્મ કાન્તિ જૈન જ્ઞાનમંદિર "ની ઉદ્ઘાટન-સ્થાપના-પ્રતિષ્ઠાની થયેલી માંગલિક ક્રિયા. શ્રી ભાવનગર શ્રી સંઘ અને શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના આમંત્રણથી ભાવનગર પધારી ઉપરોક્ત તારીખે બહુ જ ઠાઠમાઠપૂર્વક ( શ્રી સંઘ તરફથી ) સામૈયું અને આ સભા તરફથી ઉપરોક્ત શ્રી જ્ઞાનમંદિરની સ્થાપના-પ્રતિષ્ઠા, અપૂર્વ સત્કાર મેળાવડાપૂર્વક કરવામાં આવી હતી.

" સંપૂર્ણ રિપોર્ટ આવતે અંકે "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

પંજાબકેસરી યુગવીર આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ

# સ્વાગતગીત

શ્રી આત્માનંદ જૈન સભા–ભાવનગર તરફથી સુસ્વાગતમ્

## શ્રી આત્મકાંતિ જૈન જ્ઞાનમંદિર ઉદ્ઘાટન પ્રસંગે

## મંગલાચરણ.

શ્રી વીર પ્રભુની પાટે મહા મહારથી પ્રગટીયા;<br>
આત્માનંદસૂરિશ્વરજીની જ્યોતિ જળહળ જબકીયા. શ્રી વીર. ૧ ટેક.

તસ શિષ્યરત્ન "શ્રી વિજયવલ્લભસૂરિજી" એ દીપાવીયા;<br>
મહાભાગ્યે આજે અમ આંગણે પધારીયા. શ્રી વીર. ૨

કાંતિ યુક્ત મૌક્તિકે સૂરીશ્વરને વધાવીએ;<br>
તિમિર ટાળવા "જ્ઞાનમંદિર" આજે અહીં ઉઘાડીએ. શ્રી વીર. ૩

જૈન ધર્મની જ્વલંત જ્યોતિ "આત્માનંદ પ્રકાશ" ની;<br>
નભમાં શીતળ ચંદ્ર સરખી પ્રભા "સભા" પ્રગટાવતી. શ્રી વીર. ૪

જ્ઞાનમંદિર આજે જ્ઞાની ગુરુનાં હસ્તથી;<br>
નગર "ભાવનગર" માં ઉદ્ઘાટન આનંદથી. શ્રી વીર. ૫

મંગળમય મહાવીરની સરિતા આજે અહિં વહે;<br>
દિવ્ય વિભૂતિ વિજયવલ્લભ વાણી–પાન ભવિજન કરે. શ્રી વીર. ૬

રત્નત્રય આતમતણાં સમ્યક્ આજ પ્રકાશીયા;<br>
ભાવના થઇ પૂર્ણ આજે ધન્ય ગુરુશ્રી પધારીયા. શ્રી વીર. ૭

વહેતું નિર્મળ ઝરણુ સદા શ્રી જ્ઞાનમંદિર તણું રહે;<br>
નવીન ગ્રંથ રત્નોથકી ભરપૂર સાગર સમ વહે. શ્રી વીર. ૮

ગગનમાં સૂર્ય ચંદ્ર સમ 'આતમ' 'વલ્લભ' વંદીએ;<br>
રહો 'અમર' જ્ઞાનમંદિર શુભાશિષ છલકાવીએ. શ્રી વીર. ૯

( સંવત ૨૦૦૮ ના માગશર શુદ ૭ બુધવાર, તા. ૫–૧૨–૫૧ ભાવનગર. )

For Private And Personal Use Only